સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

સત્તા પાછળ દોડે સૌ, રાષ્ટ્ર-પ્રેમ ખૂટે છે
સૂતાં રહે તંત્ર દેશની સુરક્ષા ફૂટે છે
ટૂટે છે રૂપિયો રોજ અણઘડ તંત્રમાં
નિવદનીયાં ગુદ્ધથી પ્રજા માથાં કૂટે છે

હાઈકુ

કરે છે ભેગા,
હિંદુત્વ મંડળીમાં -
તક - 'સાધુઓ'
(બિહારી નું આગમન)

ઉડે કાદવ,
રાષ્ટ્રીય 'દિવાળી'માં
પ્રગટે હોળી!
(ટવીટરીયું દારૂખાનું ફૂટે છે)

ચિંતન

લુબ્ધમર્થેન ગૃહણીયાત્ સ્તબ્ધમઝલિ કર્મણા ।
મૂર્ખ છંદો અનુવૃત્તેન પંડિતમ્ ॥

'લોભી વ્યક્તિને ધન આપીને, અને અભિમાની વ્યક્તિને હાથ જોડી પ્રણામ કરીને અર્થાત માન-સન્માન-આદર આપીને, મૂર્ખ વ્યક્તિને તેની ઇચ્છામુજબ, માગણી મુજબ તેનો પરિતોષ-સંતોષ આપીને એટલે કે તેની ઇચ્છાનુસાર કાર્ય કરીને અને વિદ્વાન-સમજુ લોકોને જે વાત હોય તે સ્પષ્ટ-સત્ય હકિકત કહીને તેને વશમાં કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.'

જે વ્યક્તિની જેવી પ્રકૃતિ-સ્વભાવ હોય તે મુજબ તેને પ્રસન્ન કરી શકાય છે. જો માણસ ધનનો લોભી હોય તો એની પાસે બચત-કરકસર સાથે તેને ધન આપવાથી ખૂશ થઇ જાય છે.

મૂર્ખ વ્યક્તિ પોતાની બુદ્ધિ-હૈસિયત મુજબ ચાચના કરે છે એમાં અક્કલનું પ્રમાણ હોતું નથી. તેથી તેના કહેવા મુજબ હા-માં હા કરવામાં આવે તો એ પ્રસન્ન રહે છે.

જ્યારે વિદ્વાનને સત્ય-અસત્યના વિવેકની જાણ હોય છે આવી વ્યક્તિ પાસે દંભ કે જૂઠ ચાલતું નથી એ સમજી - પકડી પાડે છે તેથી વિદ્વાનની પાસે તો નિખાલસ કબૂલાત કરી જે સત્ય હોય તે રજૂ કરી દેવું જોઇએ જેથી એ ખૂશ થાય છે.

સુવિચાર

- માણસ ને ઓળખવો અઘરો છે, પણ અશક્ય નથી... કોણ કેવો છે એ જાણવું હોય તો એના પર ભરોસો મૂકો - **સાને ગુરૂજી**
- જે વ્યક્તિ સ્વયં પોતાના માટે નિયમો ઘડે છે અને પાલન કરે છે તેને બીજા કોઇ કાયદાની જરૂર રહેતી નથી - **સ્વીસ કહેવત**
- કુછ કર ગુજરને કે લિયે, મૌસમ નહીં મન ચાહીયે - **પ્રેમચંદ**
- લક્ષ્મી અતિ ગુણવાન પાસે રહેતી નથી તેમ તે અતિશય ગુણહીન પાસે પણ રહેતી નથી - **વિદુર નીતિ**
- બીજાઓએ શું કરવું જોઇએ તે કહેવું સહેલું છે... આપણે શું કરવું જોઇએ-તે કરવું મુશ્કેલ છે - **માનસ શાસ્ત્ર**
- સુરાનો નશો કલાકો સુધી રહે છે અને થોડુંક નુકસાન કરે છે પણ સંપત્તિનો નશો જીંદગી સુધી રહે છે, અને ઘણું નુકશાન કરે છે - **જ્ઞાનસૂત્ર**
- સમાજમાં સજ્જનો અને દુર્જનો બેવ હોય છે, જો દુર્જનો પોતાનો સ્વભાવ છોડી શકતા ન હોય તો સજ્જનોએ પણ પોતાનો સ્વભાવ શા માટે છોડવો જોઇએ - **ગ્રેન હથન**

બોધ કથા

કેટલાક લોકો જન્મજાત જ જક્કી સ્વભાવના અને અતડા જ રહેવામાં માનતા હોય છે એને પોતાનો કોઇ દોષ કે ખોડ દેખાતી નથી ઉલ્ટું તેનું કોઇ ધ્યાન દોરે તો પણ તે પોતાની 'વિશિષ્ટતા' સમજી એમાં ગૌરવ અનુભવે છે. એમને લોકલાજ જેવું કાંઇ હોતું નથી. 'જેને મૂકી લાજ એને નાનું સરખું રાજ' નાગાને પુંઠે બાવળ ઉગે તો પણ કહેશે છાંયડો થયો. આવા માણસ રાજય અને પ્રજાને પીડાદાયક છે.

અવકાશી ગ્રહોમાં બધા ગ્રહોની મિટીંગ હતી. ત્યાંથી એક પૂંછડિયો તારો - ધૂમકેતુ પસાર થયો. એ બધા 'નવગ્રહો' થી પણ પોતાને શ્રેષ્ઠ સમજવા લાગ્યો. ગ્રહો અને બીજા જાણીતા તારાઓ એ તેનું ધ્યાન દોર્યું. ટ્વીટ કર્યું, ફેસબુક લખ્યાં અને કહ્યું, 'તું કંઇ જ વિશિષ્ટ ગ્રહ નથી પણ તને ફૂટેલી પૂંછડી એ તો તારી ખોડ-દોષ છે એને તું નાહક મહત્ત્વ આપે છે.'

ધૂમકેતુ એ કહ્યું તમને મારી સારી ઓળખ નથી. જ્યોતિષીઓ મને બરાબર ઓળખે છે. મારા આગમનથી વિશ્વમાં ચહલપહલ થઇ જાય છે. ઉથલપાથલ થઇ જાય છે.

બીજા ગ્રહોએ તેને માન-સન્માન-સ્થાન ન આપતાં ધૂમકેતુ ક્ષિતિજમાં જઇ ખોવાઇ ગયો...

Email - sureshchandrabhatt18@gmail.com

'આનંદ લોક' ની યાત્રા કરાવતું હાસ્ય નિબંધોનું પુસ્તક

શબ્દ સમીપે
- નટવર હેડાઉ

જ્યોતિન્દ્ર દવે જેવા સમર્થ હાસ્યકારો દ્વારા ગુજરાતી હાસ્ય સાહિત્ય સમૃદ્ધ બન્યું છે. તે પછી વિનોદ ભટ્ટ જેવા સાહિત્યકારો એ હાસ્ય સાહિત્યની પરંપરાને જાળવી રાખી છે. તેમાં બકુલ ત્રિપાઠી, નિરંજન ત્રિવેદી, અશોક ભટ્ટ, હાસ્યકારો દ્વારા હાસ્ય-વ્યંગ સાહિત્યમાં અવનવા રંગોની રંગોળી પુરાતી રહી છે. તેમાં એક અલગ રંગ લઇને રતિલાલ બોરીસાગર આવે છે અને તે પોતાનું સ્થાન બનાવે છે.

આપણા ગાંધીનગરમાં પણ ચિત્રસેન શાહ અને ભગદેવ ભટ્ટ જેવા હાસ્યકારોની કલમની સુંદર મર્મસ્પર્શી વ્યંગ કૃતિઓ અવારનવાર આપણને મળતી રહે છે. તે ઉપરાંત આ ક્ષેત્રે કવિ હરિકૃષ્ણ પાઠક, જેવાઓએ પણ હાથ અજમાવ્યો છે. જેણે આપણે હાસ્ય સાહિત્યમાં નવો ચીલો ચાતર્યો છે.

'મરક મરક' પછી રતિલાલ ભાઇનો આ બીજો સંગ્રહ છે. તેના વિશે આજે આપણે વાત કરીશું.

'આનંદલોક' હાસ્યકાર રતિલાલ બોરીસાગરના ૨૦ હાસ્ય નિબંધોનો સંગ્રહ છે. આ સંગ્રહની પ્રથમ આવૃત્તિ ૧૯૮૨માં પ્રગટ થયેલી બીજી સંવર્ધિત આવૃત્તિ ૧૯૯૫માં થઇ તે પછી નિબંધ સંગ્રહ એટલો બધો વંચાયો કે હવે તેની ત્રીજી સંવર્ધિત આવૃત્તિ થઇ રહી છે.

આ ત્રીજી સંવર્ધિત આવૃત્તિની પ્રસ્તાવનામાં લેખકે ખાસ લખ્યું છે કે આ આવૃત્તિમાંથી પહેલી - બીજી આવૃત્તિ વાળી સાત હાસ્ય કથાઓ કાઢી નાંખી છે. અને ક્રમાંક ૧૨ થી ૨૦ સુધીના નવ હાસ્ય નિબંધો નવા ઉમેર્યા છે. એ રીતે આ આવૃત્તિનું પુસ્તક અલગ પડે છે.

'આનંદલોક' પુસ્તકમાં આપણને જે હાસ્યનિબંધો મળે છે તેનું વિરંગાવલોકન કરીએ તો મારી કેફિયત, મારૂં બહિર વ્યક્તિત્વ, હું એક આ જન્મ પ્રેરક કથા, એક સંકલ્પ કથા, ઋણ મીમાંસા, મારી નાણાંકીય કારકિર્દી, ચરણ, કમલ, બલિહારી, રજા આપણો વારસો ને વૈભવ, આપણી ઓફિસો : એક પ્રશ્નોત્તરી, સા વિદ્ય યા વિમુનયે, વિનોભ ભટ્ટ : મારી નજરે, મનજી-મુસાફર, મેમરી સ્વિચ, જો હું વાઘ હોઉં તો, વિકલ્પ યોગ, સ્વજનની તબિયતની ખબર પૂછવા જવા વિશે...., એક દુર્લભ પુસ્તકની શોધમાં... સસ્તુ શાક લાવવાનો મોંઘો પ્રયોગ, વાળ-વિરહ : ચિંતા અને ચિંતન તેમજ પાંસ વરસે પહેલો પ્રવાસ જેવા મર્માળું હાસ્ય નિષ્પન્ન કરતા નિબંધો આપણને આ સંગ્રહમાંથી મળે છે.

આ સંગ્રહની પ્રસ્તાવનામાં આપણા જાણીતા સાહિત્યકારો રઘુવીર ચૌધરી ખાસ નોંધે છે કે વિદ્વતજનોને પણ આનંદ આપે એવું હાસ્ય સાહિત્ય જ્યોતિન્દ્ર પાસે હતું. બોરીસાગર જ્યોતિન્દ્રના એક યોગ્ય ઉત્તરાધિકારી બની શકે એવી શક્યતા ધરાવે છે. સમકાલીન હાસ્યકારો કરતાં બોરીસાગર બે બાબતો જુદા પડે છે.

(૧) એમના હાસ્ય લેખો માટે ભાગે લલિત નિબંધનું ફળસ્વરૂપ ધારણ કરે છે.

(૨) ઘટના, સ્થિતિ, પરિસ્થિતિ કે પાત્રનો આધાર મળી ગયા પછી બોરીસાગરનું હાસ્ય સ્વયંગતિ ધારણ કરે છે. એમાં બહારથી જોક ભભરાવવી પડતી નથી. આ એક એવી વસ્તુ છે, જે નૈસર્ગિક હાસ્ય અને ચબરાકિયાપણા વચ્ચેનું અંતર સ્પષ્ટ કરે છે.

રતિલાલ બોરીસાગર અભ્યાસુ છે. શિક્ષણ અને સંપાદન સાથે એ રીતે સંકળાયેલા છે કે અનેક વિષયો સાથેનો એમનો સંપર્ક ચાલુ રહે છે. આ કારણે એમના હાસ્યમાં એક સૂરીલાપણું નથી આવતું કે એમને શૈલીવેગ પણ નથી કરવા પડતા. બીજા કોઇને ઇજા કરવાની શક્તિ કે વૃત્તિ એમનામાં છે જ નહીં. તેથી એમનું હાસ્ય ડંખ વગરનું અને છતાં કહેવા જેવું કાનમાં કહી દે એવું સાવધ અને નિર્ભય છે.

આપણું ગાંધીનગર સરકારી કર્મચારીઓ, અધિકારીઓનું નગર છે. તેમાં રજાઓનું વિશેષ મહત્ત્વ હોય તે સમજી શકાય તેવું છે. આ પુસ્તકમાં 'રજા'ઓને ભારતના વારસા અને વૈભવ તરીકે ઓળખાવતો એક રસપ્રદ હાસ્ય લેખ છે. વિવિધ પ્રકારની રજાઓ વર્ણવી બોરીસાગર કહે છે. 'આપણા દેશમાં રજા એ નોકરીનો આત્મા રૂપ ભાગ છે. નોકરી માટે રજા નથી, પણ રજા માટે જ આપણે નોકરી કરીએ છીએ. કાકાસાહેબ કાલેલકરે વિદ્યાર્થીઓને એકવાર કહેલું કે, 'પ્રવાસ કરો ને એમાંથી જો સમય વધે તો એટલો સમય ભણો.' તે રીતે આ લેખકનું માનવું છે કે, 'નોકરીમાં કાયમ રજા જ રાખો. રજાથી થાકો ત્યારે રોઇજ્જ ખાતર, નોકરી કરો.' આપણી ઓફિસો : એક પ્રશ્નોત્તરી લેખ, 'રજા : આપણો વારસો અને વૈભવની ભૂમિકા પર જ લખાયો છે.'

'ચરણ કમલ બલિહારી' લેખમાં નીપજેલું હાસ્ય જયોતીન્દ્ર દવેની રીત રસમને લટણ ધરાવતું હોવા છતાં રતીલાલ ભાઇના જાત અનુભવ પર આધારિત હોવાથી સીધું સ્પર્શે છે. તેમાં તેઓ લખે છે કે, 'તે દિવસોમાં મારૂં શરીર બહું નબળું હતું. આ દેશમાં જેમ ઘણાં માણસો ગરીબીની રેખા નીચે જીવે છે. તેમ એ દિવસોમાં હું વજનની રેખા નીચે જીવતો હતો. મારાં બા કહેતા : તું તો મરેલો જ જન્મ્યો છે. તેમ સુયાણીએ પહેલાં તો કહેલું. 'પણ વર્ષોની અનુભવી સુયાણીને એની કારકિર્દીમાં પહેલીવાર ખોટી પાડવાનો વિક્રમર્મે નોંધાવેલો. જન્મ પછી હું માંદો રહ્યા કરતો. મારી દવા કરતાં વૈદ્ય-ડોકટરો ગભરાતા. હું ગમે ત્યારે એમને અપજશ આપી ને જતો રહીશ એવી ભીતિ એમને સતત રહ્યા કરતી.' આ શૈલીએ આખો લેખ ચાલ્યા કરે છે. 'ઋણ મીમાંસા' અને મારી નાણાંકીય કારકિર્દી' એ બે લેકો આજના ખર્ચાળ માણસની પૈસા ઊછીના લેવાની કે દેવું કરવાની વૃત્તિ પર મંડાયેલા છે. 'વિનોદ ભટ્ટ : મારી નજરે' લેખ અગાઉ જાણીતો થયેલો છે. તો 'પાંસઠ વર્ષે પહેલો પ્રયોગ' એક લાંબા લેખ સ્વરૂપે આપણને પુસ્તકમાં છેલ્લે મળે છે.

'આનંદલોક'ના યાત્રી એવા રતિલાલ બોરીસાગરનું નામ ગાંધીનગર માટે અજાણ્યું નથી. છેલ્લે તેઓ ચિત્રસેન શાહના પુસ્તક વિમોચન પ્રસંગે આવેલાનું સ્મરણ છે. રતિલાલ બોરીસાગર નો જન્મ. તા. ૩૧-૦૮-૧૯૩૮ માં અમરેલી જિલ્લા સાવર કુંડલા ગામે થયો હતો. એમ. એ,. બી.એડ્., પીએચ.ડી. સુધીનો અભ્યાસ ધરાવતા લેખકે ગુ.રા.શાળા પાઠ્યપુસ્તક મંડળના પૂર્વ નાયબ નિયામક તરીકે સેવાઓ આપી છે. તેમને ચંદ્રકાન્ત અંજારીયા એવોર્ડ અને ધનજી કાનજી સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયેલ છે. તે ઉપરાંત ગુ.સા. અકાદમી અને ગુજરાતી સા. પરિષદના પારિતોષિકો પણ મળેલ છે. તેમના હાસ્ય સાહિત્યના પ્રકાશનોમાં 'મરક મરક' સંભવિત ચુગે ચુગે, એન્જોયગ્રાફી, તિલક કરતાં ત્રેસઠ થયા, 'જ્ઞ થી ક સુધી' , ભજ આનન્દમ્, અમથું અમથું કેમ ન હસીએ, ઊઁ હાસ્યમ્ વિગેરે છે. બાળ સાહિત્યમાં મહાભારતના પ્રસંગો અને શ્રેષ્ઠ બાળરચનાઓ પણ તેમને આપી છે. આ ઉપરાંત વિવેચનનાં બે અને બાર જેટલા સંપાદકો પણ તેમણે આપ્યાં છે. નિર્મિષ ઠાકરે દોરેલા લેખકના કાર્ટૂનથી સુશોભિત આકર્ષક મુખ પૃષ્ઠ ધરાવતાં 'આનંદલોક' પુસ્તકને પ્રગટ કરવા બદલ ગૂર્જર, ગ્રંથરત્ન કાર્યાલય અને લેખકને અભિનંદુ છું.

'આનંદલોક'
લેખક : રતિલાલ બોરીસાગર
પ્રકાશક :ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ
કિંમત : રૂા. ૧૦૦
ત્રીજી સંવર્ધિત આવૃત્તિ, પૃષ્ઠ-૧૫૨

મનોબળની શક્તિ પ્રબળ છે, એટલે મનોબળની ખિલવણી માટે, તેને મજબૂત બનાવવા પુરૂષાર્થ કરો તો જીવનમાં જે સિદ્ધ કરવા માગો છો તેને હાંસલ કરી શકશો

મનોબળ, સંકલ્પ શક્તિ અને આત્મશ્રદ્ધા

હું રસ્તે રઝળતી વારતા
- અયના પટેલ

થોડા સમય પહેલા સરસ પુસ્તક હાથમાં આવ્યું. પુસ્તકના પ્રારંભિક પૃષ્ઠ ઉપર નજર પડી તો એક સૂત્રાત્મક અવતરણ વાંચવા મળ્યું, જે આ પ્રમાણે હતું:

'લાખ્ખો ને કરોડો લોકો પાસે ફર્સ્ટ ક્લાસની ટિકિટ હોવા છતાં થર્ડ ક્લાસના દરજ્જામાં મુસાફરી કરે છે!'

આ અવતરણ વાંચીને હું તો વિચારના ચકરાવે ચડી ગઈ. મારી જિજ્ઞાસા સંતોષવા પુસ્તકનું શરૂઆતનું લખાણ વાંચવા લાગી ત્યાં લખ્યું હતું :

'માનો કે તમારી પાસે ફર્સ્ટ ક્લાસની ટિકિટ છે, તમે તેટલું ભાડું ચૂકવ્યું છે, છતાં બેસો છો થર્ડ ક્લાસના ડબ્બામાં. તે ડબ્બાની બધી અગવડો ને ગિરદી સહન કરી લો છો તે માટે તમને કોઈ રંજ કે અફસોસ થતાં નથી. હા, ટિકિટ ફર્સ્ટ ક્લાસ છતાં થર્ડ ક્લાસમાં જ મુસાફરી કરો છો એ હકીકત છે.'

આ લખાણ વાંચતાં તો જિજ્ઞાસા વધુ સતેજ બની અને થયું કે આખરે લેખક કહેવા શું માગે છે. તેથી ત્વરાથી વાંચન કરવા હું આગળ વધી તો કંઈક સંતોષ થયો. લખ્યું હતું:

'કુદરતે દરેક મનુષ્યને જન્મથી જ બે પાંચ અદીઠ શક્તિના બીજ આપેલાં છે. તે કઈ શક્તિ છે તેની જે તે વ્યક્તિ નેય ખબર હોતી નથી. કમભાગ્યે કુદરત કોઈ વ્યક્તિને લેબલ ચોડીને મોકલતી નથી કે 'આ માણસમાં કુશળ આર્કિટેક થવાની આવડત છે ચા આ વ્યક્તિમાં બાહોશ વકીલ થવાની નિપુણતા છે. ચા આ માણસમાં કાબેલ સંગીતકાર થવાના લક્ષણ છે.' ના, આવાં કોઈ લેબલ તેની સાથે જોડેલાં હોતાં નથી. નહીં તો માનવ જાતનું કામ સરળ થઈ જાત. પણ કુદરતની આ દિલાવરીનો આપણને ખ્યાલ હોતો નથી. તેણે આપણને શું બક્ષ્યું છે તે જાતે જ ખોજ કરવાની છે, પણ એ કુદરતી યોજનાથી આપણે અજ્ઞાત હોઈએ છીએ એવી સમૃદ્ધ આવડતની બક્ષિસ છતાં જાતને કંગાઈ જ માનવીએ છીએ. જાણે કે કોઈ પ્રવિણતા હોવાનું માનતા જ નથી. કારણ? તેનો નિર્દેશ આપણને કોઈના તરફથી મળતો જ નથી! આ અદીઠ શક્તિ કઈ છે? તો જવાબ મળે છે એ મનની શક્તિ. અને કહે છે- તમારા મનને કેળવો, એવી રીતે કેળવો કે તમે ફર્સ્ટ ક્લાસ નિવડો અને ફર્સ્ટ ક્લાસને લાયક બનો ને તે માટે તમારા મનને એવી રીતે ઘડી શકો છો કે જેથી તમારી કુદરતદત્ત બક્ષિસરૂપી શક્તિનો મહત્તમ ઉપયોગ કરી શકો.'

મનોબળની શક્તિ પ્રબળ છે. એટલે મનોબળની ખિલવણી માટે, તેને મજબૂત બનાવવા પુરૂષાર્થ કરો તો જીવનમાં જે સિદ્ધ કરવા માગો છો તેને હાંસલ કરી શકશો. દુનિયાના અસંખ્ય લોકોએ તેમ કર્યું છે, ને માત્ર મનોબળના કારણે મુશ્કેલીઓ કે નબળા સંજોગો કે સમસ્યાઓને પાર પાડી શક્યા છે. મજબૂત મનોબળ અને દૃઢ સંકલ્પ શક્તિથી અશક્ય જણાય એવા કાર્યો પણ પાર પાડ્યા હોય અને વિરલ સફળતા સિદ્ધ થઈ હોય એવા અનેક ઉદાહરણો જગતના ચોપડે લખાયેલાં છે. આ સંદર્ભમાં 'કચ્છ મંજુષા' નામક પુસ્તકમાં ડો. ગોવર્ધન શર્મા, ડો. ભાવનાબેન મહેતાએ 'મહાન શક્તિ' નામક લેખમાં જે લખ્યું છે તે ખૂબ જ ઉપયોગી પ્રેરકપાથેય સંપડાવનારૂં છે, તે લેખકોના સાભાર સૌજન્યથી અહીં ઉદધૃત છે.

'પ્રકૃતિ દત્ત અલૌકિક શક્તિઓમાંની એક શક્તિ છે- સંકલ્પ શક્તિ. જે માનવની અંદર જ પડેલી છે. તેને વિકસીત કરવી અને કાર્ય સિદ્ધ માટે ઉપયોગમાં લેવી એ આપણે ક્ષમતા અને દૃષ્ટિકોણ પર નિર્ભર છે. સંકલ્પ શક્તિ અસંભવ જણાતાં કામને સંભવ બનાવી દે છે. આપ આપની આ શક્તિને વિકસીત બનાવી દે છે. આપ આપની આ શક્તિને વિકસીત કરો. સફળતા આપને વરશે, આપના ચરણ ચૂમશે.'

સંકલ્પ શક્તિની મહત્તા દર્શાવતો એક પ્રસંગે યાદ આવે છે: એક વાર ભગવાન બુદ્ધના શિષ્યોના મનમાં કેટલીક જિજ્ઞાસાઓ જાગી. એક શિષ્યે પુછ્યું, 'ભગવાન! ચટ્ટાનોથી પણ કઠોર શું છે? બુદ્ધે જવાબ આપ્યો, 'લોખંડ, તે ચટ્ટાનોને પણ તોડી શકે છે.' બીજો શિષ્ય પૂછી બેઠો ભગવાન! લોખંડથી કઠોર શું છે?' બુદ્ધે જવાબ આપતાં કહ્યું, 'અગ્નિ, તે લોખંડને ઓગાળી શકે છે.' પ્રથમ શિષ્યે પુન: પુછ્યું, 'અગ્નિથી મોટી કોઈ શક્તિ છે?' જિજ્ઞાસાની તીવ્રતા સમજી શાન્ત ભાવથી કહ્યું, 'અગ્નિને ઓલવી શકે તેવી શક્તિ જળમાં છે. પરંતુ જળથી પ્રબળ વાયું છે. વાયુ જળ ભર્યા વાદળોને ગમે ત્યાં લઈ જઈ શકે છે. હવે અંતિમ અને અપરાજેય શક્તિ વિશે જાણવા આતુર છે? તો તે છે માનવીની સંકલ્પ શક્તિ. આ શક્તિ દ્વારા માનવ બધું જ કરી શકે છે.'

એ ખરૂં પોતાની સંકલ્પશક્તિના બળે જ મહાપુરુષોને સફળતાઓ મળી છે. સંકલ્પશક્તિને ઉદીપ્ત અને પ્રભાવાત્મક બનાવવા માટે જે તત્વો ભૂમિકા ભજવે છે તે છે આત્મવિશ્વાસ, નિષ્ઠા, વિચારશીલતા, દૃઢતા, સાહસ વગેરે, જામનગર રાજયનાં બાલંભામાં કચ્છી થાણું હતું. સમુડીના લુંટારાઓથી કચ્છી વેપારીઓના વહાણો અને નાવિકોની રક્ષા કરવામાં તેનો મહત્વ પૂર્ણ ફાળો હતો.

રાવ ગોડજીના સમયમાં આ થાણા પર નવાનગરના શાસકે પોતાની સતા સ્થાપિત કરી હતી. ફતેહમહમદ જમાદારે તેને પુન: હસ્તગત કરવા વિચાર્યું. અનુભવી લોકોએ તેને નિરુત્સાહી કરવા ઘણા પ્રયત્નો કર્યા. પરાઈ ધરતી પર મર્યાદિત સૈનિકો લઈને જવું અને ત્યાના દળો પર વિજય હાંસલ કરવો ઘણું મુશ્કેલ કામ હતું. પણ જમાદાર ફતેહમહમદની સંકલ્પશક્તિ જબરદસ્ત હતી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

માજી તો ચાલતા થયા પણ મારા ગાલ પર સંકુચિત વૃત્તિ માટે તમાચો મારતા ગયા, ભલે રૂપિયો ન આપ્યો હોત પણ 'કેમ છો માજી' એટલું પૂછ્યું હોય તો... પણ અબ પસ્તાયે કયા...

તમાચા
પ્રસંગ કથા
- અનંત ન. વ્યાસ

જીવનમાં ઘણીવાર અતિ સામાન્ય પ્રસંગે આપણા મનનું દારિદ્ર ઉઘાડું પડી જાય છે. આવે વખતે સજાગ વ્યક્તિ પોતાના મનની નબળાઇને પામી જાય અને પછી સુધરવાનો પ્રયત્ન કરે. સજાગતા ન કેળવાયેલી હોય તો ઉચ્ચારાયેલા શબ્દો કંઇ પણ અસર કર્યા વિના જ વહી જાય છે. અતિ સામાન્ય કક્ષાના મુખે ઉચ્ચારાયેલા શબ્દો પણ ગાલ પરના તમાચા જેવા સમસમી ઊઠે. આપણું પોતાનું અસલ - સ્વરૂપ કેવું છે તે પણ પળવારમાં દેખાઇ જાય. તે દર્શાવતા પ્રસંગો...

● ● ●

રસ્તાના નાકા પર દૃષ્ટિ કરી, તો એમ માગણ ડોશી ધીમી ગતિએ આવતી દેખાણી. બરાબર આજ સમયે અહીંથી પસાર થવાનો અમારો ક્રમ, આ નજીક આવે વાટકો ધરે, હું એકાદ સિક્કો નાખું ને પૂછું 'કેમ છો માજી...' આનંદમાં ને? એ પોતાની નબળી આંખનાં પોંપચા ઊંચા કરે... ઘડીભર સામે જુએ. આશિષ આપે અને અમો આગળ વધીએ.

તે દિવસે ડોશીમાને જોયા ને હાથ ખીસ્સામાં ગયો. પરચૂરણ લેવાનું રહી ગયેલું. હા નોટો જરૂર હતી પણ માગણને કંઇ રૂપિયો થોડો આપી દેવાય? મનમાં થયું, ડોશીમા તો વાટકો ધરવાના... ત્યારે શું કરીશ? લોભી મને તુરત વિચાર સૂઝાડ્યો... આમે ડોશીની આંખે ઓછું દેખાય છે. રસ્તો તો પહોળો છે. ઝડપથી સામી બાજુ જાઉં ને પસાર થઇ જાઉં તો તેને ખબર નહિ પડે. મેં તો તુરત આ વિચારનો અમલ કર્યો. રસ્તો ઓળંગી સામી ફૂટપાથ પર પહોંચ્યો ત્યાં માજીનો અવાજ બરાબર સંભળાયો...

અ..ર..ર.. દીકરા. તેં મને જોઇ રસ્તો તારવ્યો... ખીસ્સામાં કંઇ નથી તો શું થયુ... દીકરા, હું કંઇ તારી પાસે પાંચકો-દસકો લેવા હાથ નહોતી લંબાવતી... પણ તું પ્રેમથી પૂછતો 'કેમ છો માજી... બસ આ શબ્દો સાંભળવાનો મને મોહ હતો...' આ પ્રેમ ભર્યા શબ્દો માટે જ આ સમયે અહીંથી નીકળતી... પણ આજે તો તેં પણ મોઢું જ ફેરવી દીધું... હવે મારે આ રસ્તે આવવાનું શું પ્રયોજન રહ્યું... માજીએ માથું ધુણાવ્યું. નિસાસો નાખી એ તો આગળ ચાલતા થયા.

પણ માજીના બોલ મારા હૃદય સોંસરવા નીકળી ગયા. ગણો પસ્તાવો થયો પણ હવે શું થાય? માજી તો ચાલતા થયા પણ મારા ગાલ પર સંકુચિત વૃત્તિ માટે તમાચો મારતા ગયા. ભલે રૂપિયો ન આપ્યો હોત પણ 'કેમ છો માજી' એટલું પૂછ્યું હોય તો... પણ અબ પસ્તાયે કયા...

● પ્રસંગ - ૨

ઇન્કમટેક્સ બસ-સ્ટેન્ડ પર બસની રાહ જોઇ ઊભો હતો. ત્યાં એક મિત્ર મળી ગયા તેઓ સપરિવાર ઊભા હતા. 'ઓ...હો તમે ક્યાં ગાંધીનગર આવો છો? મેં પૂછ્યું...

હા, આજે વિચાર થયો જરા ગાંધીનગર ફરી આવીએ, કહો કેમ છો?

મજામાં... અને તમે... અને પછી વાતો ચાલી પણ મારૂં મન અંદરખાને ગણત્રી કરવા લાગ્યું. મનમાં ચોરવૃતિ જાગી. આ મિત્ર મારા કરતાં ઉંમરમાં તેમજ હોદ્દામાં નાના હતા. એટલે આપણા સમાજના એક અલિખિત નિયમ પ્રમાણે સૌની ટીકીક મારે લેવી પડે. આમ તો આવું અવારનવાર બનતું હોય છે આપણે એકબીજાની ટિકીટો લેતા હોઇએ અને તેની નોંધ પણ નથી રાખતા. તે પણ તે દિવસે મનમાં ચોર પેસી ગયો. મિત્રનો પરિવાર મોટો. સહજ રીતે પચ્ચીસેક રૂપિયા થાય. હવે આમાંથી છટકવું પડશે, મન દોડ્યું, રસ્તો ગોતવા ને જ્યારે તમારે જેવો જોઇએ તેવો રસ્તો મન શોધી આપે છે.

મેં મિત્રને કહ્યું, જુઓ ભીડ ભારે છે. ઝટપટ ચઢી જજો ને જ્યાં જગા મળે ત્યાં ગોઠવાઇ જવાનું નહિતર તો ઊભા રહેવાનો વારો આવશે... બસ આવી તેથી ધક્કા મુક્કી કરી હું આગળ ચઢી ગયો ને આગલી સીટમાં ગોઠવાઇ ગયો. મિત્ર સાથે પરિવાર હતો. તે ધીમે ધીમે ચડયા ને છેક પાછલી સીટ પર બેઠા...

'હાશ' મનમાં થયું હવે વાંધો નહિ... કન્ડકટર આવે ત્યારે માત્ર એક ટિકીટ લેવાની. ચાલો છૂટ્યો... પાછળ બેઠેલાની ટીકીટ લેવી પડે તે જાણે સાવ વિસરાઇ ગયું.

કન્ડકટરે છેલ્લેથી ટિકીટ કારવી શરૂ કરી. તે ટિકીટ કાપતો મારી નજીક આવ્યો. ત્યાં પાછથી અવાજ સંભળાયો, 'સાહેબ ટિકીટ ન લેશો... 'તમારી ટિકીટ મેં લઇ લીધી છે...

અને ગાલ પર તમાચો પડ્યો. મિત્ર નાના હતા. નીચી પાયરી પર હતા છતાં સંસ્કાર દર્શન કરાવ્યું, ત્યારે મારા મને પોતાની જાત કેટલી હલકટ છે તે દર્શન કરાવ્યું.

જો સમાજમાં ઉઘાડી નજરે - જોતા રહીએતો આપણું સાચું પ્રતિબિંબ અવશ્ય જોવા મળે... પછી સુધરવું - ન સુધરવું તે આપણા હાથની વાત છે... બાકી તમાચો પડે છે ખરા.